

IRCC-ભંડોળ સેવાનો ઉપયોગ કરતા માતાપિતા માટે

# કેર ફૉર ન્યૂકમર ચિલ્ડ્રન (CARE FOR NEWCOMER CHILDREN – CNC) માટે સંપૂર્ણ માહિતી

***સુસ્વાગતમ્! અમારો CNC પ્રોગ્રામ ખાસ કરીને એવા બાળકોની સહાય કરવા માટે રચાયેલો છે કે જે બાળકો અને તેમના પરિવારો કેનેડા માટે નવા છે અને જ્યારે તેઓ IRCC-ભંડોળથી સેવાઓની ઉપયોગ કરે છે. અમે મદદ કરવા માટે અહીં છીએ.***

***અમે જાણીએ છીએ કે તમારા અને તમારા પરિવાર માટે આ મોટા ફેરફારનો સમય છે. અમારું ધ્યેય એ છે કે તમારા બાળકને સ્વાગત, સલામતી અને સુરક્ષાનો અનુભવ થાય, અને તેમના વિકાસને અને આત્મવિશ્વાસના બંધારણને ટેકો આપવો, કારણ કે તમારું કુટુંબ કેનેડામાં સ્થિર થાય છે.***

**જ્યારે બાળક CNC પ્રોગ્રામમાં હોય ત્યારે, માતા-પિતાએ પૂર્ણ સમય માટે સાઈટ પર રહેવું ફરજિયાત છે.**

## તમારા બાળકની સલામતી કરતાં કંઈ વધુ મહત્ત્વનું નથી!

તમે નિશ્ચિંત રહી શકશો કારણ કે અમારો સ્ટાફ લાયક અને અનુભવી છે.

- બધા કર્મચારીઓની પૃષ્ઠભૂમિ/ગુનાઈ રેકૉર્ડની તપાસ થયેલી છે અને પ્રાથમિક સહાયની તાલીમ પામેલા છે.
- અમે CNC જરૂરિયાતોનું પાલન કરીએ છીએ અને તેની દેખરેખ કરીએ છીએ જેથી અમે આરોગ્ય અને સલામતીના ધોરણોને પૂર્ણ કરીએ છીએ તેની ખાતરી કરી શકાય.
- બધા બાળકો સાથે સમાન રીતે અને આદર સાથે વ્યવહાર કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે, અમારી પાસે વર્તણૂંક નિયમન નીતિ છે. કર્મચારીએ સકારાત્મક રીતે વર્તનને મજબૂત બનાવવું જોઈએ. બાળકોને શારીરિક સજા આપવાની અથવા તેમની સાથે કઠોરતાથી બોલવાની અનમુતિ નથી; ઉપેક્ષા અથવા દેખરેખનો અભાવ ચલાવી નહીં લેવાય.
- કોઈપણ સંજોગોમાં બાળકને નુકસાન પહોંચાડ્યું હોય અથવા તેની અવગણના થઈ હોય તો તેની જાણ કરવા માટે સ્ટાફની વ્યાવસાયિક ફરજ અને કાનૂની જવાબદારી રહે છે.

અમારી વર્તણૂંક નિયમન નીતિની નકલ અથવા શંકાસ્પદ બાળ દુરુપયોગ / ઉપેક્ષાની નીતિ વિશે વધુ માહિતી મેળવવા માંગતા હો તો વિના સંકોચે અમને પૂછો.

## તમે CNC પાસે શું અપેક્ષા કરી શકો છો?

અમે કેનેડામાં ગ્રુપ સેટિંગમાં બાળકોની કાળજી લઈએ છીએ તે તમારા દેશ કરતાં અલગ હોઈ શકે છે. જો તમને શિસ્ત, ખોરાક, ભાષા, શિક્ષણ અથવા દિનચર્યાઓ વિશે પ્રશ્નો હોય, તો કૃપા કરીને પૂછો. સંશોધન બતાવે છે કે બાળકો ખેલ દ્વારા શીખે છે, તેથી બાળકોની અભિરુચિઓ, વય, ક્ષમતાઓ અને સંસ્કૃતિઓને અનુકૂળ કર્મચારીઓ શૈક્ષણિક, રમત-આધારિત શિક્ષણ પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. તમારું બાળક અન્ય બાળકો સાથે સામાજિક આવડતનો અભ્યાસ કરશે અને કૌશલ્યો વિકસાવશે જે તેમને સ્કૂલ માટે તૈયાર કરશે.

### તમે તમારા બાળકની CNCમાં ગોઠવણ કરવામાં કેવી રીતે મદદ કરી શકો છો?

CNC શરૂ કરવા વિશે તમારા બાળકને ભય હોય તે સામાન્ય છે. સંક્રમણ સરળ બનાવવા માટે સ્ટાફ તમારી સાથે કામ કરશે, પણ પ્રથમ, તમારું બાળક રડી શકે છે, તમને પકડી રાખી શકે છે અથવા અન્ય વર્તણૂંકો દર્શાવી શકે છે. તમારા બાળકના ભયને સરળ બનાવવા માટે તમે કેવી રીતે મદદ કરી શકો છો તેના વિચારો માટે, *CNCમાં સ્વાગત છે: સફળ વિભાજનો માટે માતાપિતાની માર્ગદર્શિકા* (*Welcome to CNC: A Parent's Guide to Gradual Separations*) આ નકલ માટે પૂછો.

## માતાપિતા અને સ્ટાફ વચ્ચે વાર્તાલાપ મહત્ત્વનો છે!

અમારા CNC સ્ટાફને જાણવા માટે અને તમારા બાળક વિશેની માહિતી શેર કરવાઅમેતમનેપ્રોત્સાહિતકરીએછીએ.આપણેબધાસાથેમળીનેકામકરીએ તો, તેરીતેઅમેતમારાબાળકનેટેકોઆપવાઅનેતેમનેસલામતરાખવામાંવધુ સારી રીતે સક્ષમ છીએ.


*Funded by: Immigration, Refugees and Citizenship Canada / Financé par : Immigration, Réfugiés et Citoyenneté Canada*

# કેર ફૉર ન્યૂકમર ચિલ્ડ્રન માટે સંપૂર્ણ માહિતી

### સ્ટાફને આ વિશે જણાવવાની ખાતરી કરો:

- એલર્જી અથવા ખોરાક વિશે નિયંત્રણો;
- બીમારી અથવા કોઈ દવા જે તમારું બાળકને લે છે (મહેરબાની કરીને નોંધ કરો: દવા માત્ર જીવન જોખમની પરિસ્થિતિઓમાં આપવામાં આવે છે અને તમારા બાળક સાથે અથવા તેમની બૅગમાં તે ક્યારેય રાખવી ન જોઈએ);
- અને ખાસ જરૂરિયાતો અથવા પડકારો. તેઓ કદાચ મદદ કરી શકે છે!

### તે સ્ટાફને જણાવવા માટે પણ ઉપયોગી થઈ શકે છે:

- તમારા બાળકની નિદ્રા અથવા ખોરાક શેડ્યૂલ;
- તમારા બાળકની રુચિ અને મનપસંદ ખોરાક;
- શબ્દો કે જે તમારા બાળક સાથે સ્ટાફને વાર્તાલાપ કરવામાં મદદ કરી શકે;
- કુટુંબ અને ભાઈ-બહેન વિશેની માહિતી (અથવા કુટુંબનો ફોટો લાવવો);
- અને ખાસ રીતે તમે તમારા બાળકની કાળજી કેવી રીતે કરો છો અને CNCથી તમે શું ઈચ્છા રાખો છો.

### અન્ય બાબતો ધ્યાનમાં રાખવા માટે:

- તમારા બાળકની સલામતી માટે, સેવાઓ માટે નોંધણી કરાયેલ ફક્ત માતાપિતા જ તેમના બાળકોને મૂકી અને લઈ જઈ શકે છે.
- તમારા બાળકને અંદર આવવા અને બહાર જવા માટે તમારે હંમેશાં સહી કરવી આવશ્યક છે.
- હવામાન પ્રમાણે અને જે પ્રવૃત્તિઓમાં તેઓ પ્રોગ્રામ માટે કરી રહ્યા હોય તે માટે યોગ્ય રીતે તમારા બાળકને કપડાં પહેરાવવાં. તમારા બાળકે શું પહેરવું જોઈએ તે અંગે તમને પ્રશ્નો હોય તો સ્ટાફને પૂછો.
- તમારા બાળકને નિયમિત રૂપે લાવવું મહત્ત્વનું છે જેથી તેમની દૈનિક ક્રિયા જાળવી શકાય અને સ્કૂલ માટે તેમને તૈયાર કરી શકાય. તમારું બાળક ગેરહાજર રહેવાનું હોય, તો સ્ટાફને જણાવો.
- તમારું બાળક બીમાર હોય, તો તેને ઘરે રાખો જેથી બીમારી ફેલાતી અટકાવી શકાય. CNC માં પાછા આવતા પહેલાં 24 કલાક સુધી તાવ અથવા ડાયરિઆ ધરાવતા બાળકો લક્ષણો-મુક્ત હોવા જોઈએ.

## અમારા CNC પ્રોગ્રામ વિશે સંપૂર્ણ માહિતી

**કેરગિવરનું નામ:** ______________________________
Caregiver's Name / Nom du dispensateur de soins

**CNC કલાકો:** ______________________________
CNC Hours / Heures de garde d'enfant

| | હા<br>Yes / Oui | ના<br>Non / Non |
|---|---|---|
| રોગ-પ્રતિરક્ષણ જરૂરી છે<br>Immunization required / L'enfant doit avoir été vacciné | ○ | ○ |
| અમે નાસ્તા આપીએ છીએ<br>We provide snacks / Nous fournissons des collations | ○ | ○ |
| તમારા બાળકના લંચ/નાસ્તા માટે ખોરાક લાવો<br>Bring food for your child's lunch/snack / Apportez le déjeuner/la collation de votre enfant | ○ | ○ |
| લંચ સમયે તમારા બાળકનું તમે ધ્યાન રાખો<br>You care for your child at lunch / Vous prenez soin de votre enfant au déjeuner | ○ | ○ |
| અમે બપોરનો નિંદ્રા સમય ધરાવીએ છીએ<br>We have a naptime / Notre programme prévoit une sieste | ○ | ○ |

| | હા<br>Yes / Oui | ના<br>Non / Non |
|---|---|---|
| આરામદાયક રમકડું લાવો<br>Bring a comfort toy / Apportez un jouet réconfortant | ○ | ○ |
| વધુ કપડાં લાવો<br>Bring extra clothes / Apportez des vêtements supplémentaires | ○ | ○ |
| ઈન્ડોર શુઝ લાવો<br>Bring indoor shoes / Apporter des chaussures d'intérieur | ○ | ○ |
| ધાબળો લાવો (જો આવશ્યકતા હોય)<br>Bring a blanket (if needed) / Apportez une couverture (si nécessaire) | ○ | ○ |
| ડાયપર્સ લાવો (જો આવશ્યકતા હોય)<br>Bring diapers (if needed) / Apportez des couches (si nécessaire) | ○ | ○ |

CMAS
યુવાન વસાહતી બાળકોની સંભાળ અને સ્થિરતાને સહાય કરવી

*માતાપિતાના વધુ સ્રોતો માટે, અહીં મુલાકાત લો:*
*www.cmascanada.ca*

Care for Newcomer Children


*Funded by: Immigration, Refugees and Citizenship Canada / Financé par : Immigration, Réfugiés et Citoyenneté Canada*